ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૦૯ જૂન, ૨૦૨૪





# બહુમતની સરકારની આદત નેવે મૂકી ગઠબંધનનો સંપ કેળવવાનું ફાવશે?

આપણી ચૂંટણીનાં પરિણામો મોટા ભાગનાં લોકોએ ધાર્યાં હતાં એના કરતાં તદ્દન જુદાં આવ્યાં. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજી વાર જીત્યા ખરા એટલે કે BJPની ત્રીજી વાર જીત થઇ પણ એવી રીતે નહીં જેવી રીતે તેમણે ધારી હતી. સરળતાથી જીત મળી જશે એમ ધારનારી BJP માટે આ જંગ રસાકસીવાળો હતો એ વું પરિણામ જાહેર થયા પછી ખબર પડી. 400 પારના દાવાના શોરબકોર વચ્ચે હવે BJPએ બહુમત વિનાની ગઠબંધન સરકાર બનાવવાનો વારો આવ્યો છે. ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે અને પછી 2014 અને 2019ની લોકસભાની ચૂંટણીમાં બહુમતી મેળવવાની આદત પડી ગઇ હોય પછી હમણાં જે પરિણામ આવ્યું છે તે વડા પ્રધાન માટે એક અંગત ઝટકો છે.

રેસમાં દોડવાનું શરૂ કરીએ ત્યારે જે જોર હોય એ દર વખતની રેસમાં રહે એવું ન બને. વળી બહુમતીનો નશો હોય ત્યારે વધુ પડતો આત્મવિશ્વાસ ઘણી બધી વાસ્તવિકતાઓ ધૂંધળી બનાવી દે એવું ય થઇ શકે છે.

લોકશાહી દેશના નાગરિકોએ નરેન્દ્ર મોદીના હાથમાં પૂરેપૂરી સત્તા સોંપી અને એ પણ એક-બે વર્ષ નહીં પણ પૂરાં 10 વર્ષ માટે. આ દસકામાં નાગરિકોએ પોતાની રીતે નાણી લીધું, આકલન કરી લીધું કે જ્યારે કોઇ એક જ વ્યક્તિના હાથમાં બધું જ સોંપી દેવાય ત્યારે શું થઇ શકે છે. બહુમતીની સરકારે રામ મંદિર બનાવ્યું તેની સાથે એક પક્ષની એક જ વ્યક્તિનું કદ સતત વધારવાનું કામ પણ કર્યું. દરેક સિદ્ધિ સાથે એક માણસનું નામ જોડવામાં આવ્યું તે કોઈ માળખાકીય કામગીરી હોય કે પછી કોઈ બીજું લક્ષ્ય પાર કર્યું હોય. આ વ્યક્તિ પૂજા એ હદે ચાલી કે લોકોએ એવી પણ રમૂજ કરી કે ઑલિમ્પિક્સમાં જીતનારાઓની તસવીર સામે વડા પ્રધાનની તસવીર મોટી મૂકવામાં આવશે. અહીં વાત માત્ર માર્કેટિંગની નથી પણ કેન્દ્રનું નિયંત્રણ વધે એવા કાયદા પસાર કરવામાં આવ્યા, 146

**બહુશ્રુત**
ચિરંતના ભટ્ટ

સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા તો ચૂંટણીપંચના મુખ્ય અધિકારી કોણ હોઇ શકે એ નક્કી કરવામાં પણ કેન્દ્ર સરકારે ભાગ ભજવ્યો. આ પહેલાંની ટર્મમાં GST, નોટબંધી, 370ની કલમ ખસેડી લેવી જેવા બીજા ફેરફારો પણ લાદવામાં આવ્યા. GSTને મામલે લાંબું વિચાર્યા વિના કાચું કપાયું તો નોટબંધીનો એક તસુભાર જેટલો લાભ નથી થયો એ તો ચૂંટણી ટાણે ઠેર ઠેરથી જે રીતે રોકડા પકડાયા એની પરથી જ સાબિત થઈ જાય છે. બહુમત સરકારમાં એક જ જણનો મત ચાલ્યો અને અર્થતંત્ર સખળડખળ થઇ ગયું. એટલું ઓછું હોય એમ ઈલેક્ટોરલ બોન્ડ્ઝનું તૂત ખડું કરાયું - એ ઈલેક્ટોરલ બોન્ડ્ઝ આખરે તો ખંડણી વસૂલીનો જ એક રસ્તો હતો. નૈતિકતાની વાત કરનારી BJPએ જ્યારે જ્યારે બીજા પક્ષમાંથી નેતાઓ તોડ્યા ત્યારે એ બધા જ અમાસના અંધારા જેટલો ભ્રષ્ટાચાર કરીને બેઠેલાઓની જ પસંદગી કરી. તમે સત્તા પર હો, ચૂંટણી લડવાના હો ત્યારે વગર વિચાર્યે લોકોને શેરમાર્કેટમાં રોકાણ કરવાની બિંધાસ્ત સલાહ આપવાની હિંમત કરવી કોઇ કૌભાંડથી કમ નથી કારણ કે તમારી 'ભક્તિ'માં લીન લોકો પૈસા રોકવાના જ છે અને પછી હેરાન પણ થવાના છે. કૃત્રિમ રીતે સ્ટોક માર્કેટ કેટલી ઝડપથી ઉપર ગયું અને પછી સડસડાટ નીચે આવ્યું એ તો આપણે બધાંએ જોયું જ છે.

વળી ધ્રુવીકરણ અને હિંદુત્વનું કાર્ડ તો આ સરકારની મનગમતી ચાલ રહી છે. મુસલમાનોને છેટા રાખવાનો અભિગમ સપાટી નીચે સતત રખાયો અને અણીને વખતે સપાટી પર પણ આવી ગયો. મુસલમાનોએ કોંગ્રેસતરફી વલણ રાખ્યું તેની પાછળ બીજાં બધાં કારણો પછી પણ ડર અને અસલામતી સૌથી પહેલાં હતાં. બિનસાંપ્રદાયિક લોકશાહીમાં આ વૈમનસ્યની તાણ નાગરિકો ન સંભાળી શકે. ટૂંકમાં શક્ય હોય ત્યાં બધે જ બધું

**અત્યાર સુધી કોઇ પણ સમાધાન ન કરનારા નરેન્દ્ર મોદી હવે કેટલું નમતું જોખશે એ જોવું રહ્યું**

જ કાબૂમાં કરવાનો અને એ પણ સમાંતર - પેલી ઑસ્કાર જીતેલી ફિલ્મ 'એવરી થીંગ એવરીવ્હેર ઑલ એટ વન્સ' ના ટાઇટલની માફક - બધા જ પ્રયાસ-પ્રહાર એક સાથે કરવામાં આવ્યા.

વડા પ્રધાન એકમેવ BJPનો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય હોય એ રીતે 'નેરેટિવ' ચલાવાયું, નવા લોકો લાવ્યા, જૂનાઓને બેકસ્ટેજમાં મુકાયા વગેરે. BJPના પ્રચારના કેન્દ્રમાં હંમેશાં નરેન્દ્ર મોદીને જ રખાયા પણ કમનસીબે ધાર્યું ન થયું. હિંદુ મતદાતાઓને પણ BJPના હિંદુ બહુમતવાળી વાત એક હદ પછી ગળે ઊતરતી બંધ થઇ ગઇ. બહુમતીની સરકારને મામલે અગાઉ ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી પણ નિષ્ફળ ગયા છે. ટૂંકમાં બહુમતીની સરકાર કોઇની પણ હોય પણ તે લોકશાહી રાષ્ટ્રના નાગરિકોને એક હદ પછી ગુંગળાવે છે અને તેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ભલભલાં મોટાં માથાંઓને યાદ કરાવે છે કે લોકશાહીની શક્તિ શું હોય છે.

લોકશાહીનું અમૃત જેણે ચાખ્યું હોય એવા રાષ્ટ્રમાં બહુમતીની સરકાર એકચક્રી શાસન બનવા માંડે એટલે તેનો અંત દેખાવા માંડે. બહુમતની સરકારને બંધારણ બદલવામાં રસ હોય ત્યારે એમ કરવામાં કોઇ અવરોધો આવે તો એમને જરાય ચાલતું નથી. લોકશાહી દેશમાં એવી સરકાર હોય જેને ચર્ચા-વિચારણામાં રસ ન હોય, વળી એમ માનતી હોય કે કોઇના પણ ટેકા વગર બંધારણમાં ફેરબદલ કરી શકે છે ત્યારે એ સરકારના સુકાનીઓએ પોરો ખાવાની અને આત્મવિશ્લેષણ કરવાની જરૂર હોય છે. બહુમતની સરકારમાં એક પ્રભાવી નેતા, સંસાધનો અને કોમ્યુનિકેશન પર કાબૂ, નબળો વિરોધ પક્ષ અને સંગઠનવાળી વ્યવસ્થા જેવાં લક્ષણો હોય છે પણ આ તમામની સાથે ઓછી થતી સ્વતંત્રતા પણ બહુમતની સરકારની જ એક દેન છે. ભૂતકાળમાં જ્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે પણ બહુમત સરકારના પ્રભુત્વનું જોર મતદારોએ ઘટાડ્યું જ છે. બહુમતની સરકારે સરમુખત્યારશાહીની સીમા ઓળંગવાની ભૂલ ન કરવી જોઇએ પણ મોટેભાગે કરી જ બેસે છે.

**અનુસંધાન પાના નં. 3 પર...**

## બાય ધ વે

BJPની ટિકિટ લઇને મંડીથી ચૂંટણી જીતેલી અભિનેત્રી કંગના રણૌતને ચંદીગઢ એરપોર્ટ પર સિક્યોરિટી કર્મચારીએ લાફો ચોડી આપ્યો, મુદ્દો હતો કંગનાએ કિસાન આંદોલન વખતે કરેલી ટિપ્પણી. નવીસવી સાંસદ બનેલી અભિનેત્રીએ ચોખવટ કરતો વીડિયો પણ મૂક્યો. જોવાનું એ છે કે તમે સાહેબની નજીક હો એ તમારી લાયકાત નથી બનતી એવું કંગના રણૌતને સાંસદ બન્યાના 48 કલાકમાં સમજાઇ ગયું. આ ઘટનામાંથી એટલું સમજી લેવું કે વાહવાહી કરનારાઓનો અવાજ સાંભળીને બેરોજગારી, અરાજકતા, ધ્રુવીકરણને લીધે થતી સમસ્યાઓ જેવા પ્રશ્નોના ઘોંઘાટની અવગણના કરવા જશું તો ગાલે તમાચો જ પડશે. લોકોની યાદશક્તિ ટૂંકી નથી હોતી. જે લોકો પીડાય છે તેમને પોતાની પીડા યાદ રહે છે. હિંદુવાદનું પાનું ઊતરવાથી હંમેશાં લોકોને જીતી નથી શકાતા. વળી, અભિમાન તો રાજા રાવણનું પણ નહોતું ટક્યું એ વાત યાદ રાખીને શાલીનતા, સજ્જનતા, નમ્રતા સાથે ગઠબંધનનું માન જળવાય એ રીતે સત્તાધીશ વહેવાર કરશે તો એક લોકશાહી રાષ્ટ્રની ગરિમા જળવાશે.

# ઈશ્વરે કંઈક એવી રચના કરી કે બધાને થોડા થોડા જીતાડ્યા

કમાલનાં પરિણામો આવ્યાં છે. માત્ર એક વ્યક્તિના અહંકારને ચકનાચૂર કરવા માટે જાણે કે ઈશ્વરની કોઈ યોજના ન હોય! BJP જે મોરચાનો ઘટક છે એ નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (NDA) સહેજે સરકાર રચી શકે એમ છે. સાદી બહુમતી તેને મળી છે. BJPને 240 બેઠકો મળી છે અને લોકસભામાં સૌથી મોટો પક્ષ છે. 1998 અને 1999માં અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં BJPને લોકસભામાં માત્ર 180 બેઠકો મળી હતી. 180ની તુલનામાં 240 તો ઘણી મોટી સંખ્યા કહેવાય પણ એ છતાંય ત્યારે વાજપેયી વિજેતા હતા અને અત્યારે 240 બેઠકો જીત્યા પછી પણ નરેન્દ્ર મોદી પરાજીત નેતા છે. વિજય કોંગ્રેસનો થયો છે. તેની સંખ્યા લગભગ બેવડાઈ છે. કોંગ્રેસ એક વાસ્તવિકતા તરીકે અને રાહુલ ગાંધી એક વિકલ્પ તરીકે સ્થાપિત થયા છે. વિજય અખિલેશ યાદવ, મમતા બેનર્જી, શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે, સ્તાલીનનો થયો છે. આ ચૂંટણીમાં શરમજનક પરાજય થયો છે નરેન્દ્ર મોદીનો, અમિત શાહનો અને યોગી આદિત્યનાથનો. તેમની આખલાઉધમ મચાવનારી રાજકીય શૈલીનો.



એક વાત નક્કી છે કે હવે પછી એ માણસ એ માણસ નહીં હોય જે 3જી જૂન 2024 સુધી જોવા મળતો હતો. ચોથી જૂને પરિણામ આવ્યાં એ પછી પક્ષના કાર્યાલયમાં તેમને બોલતા સાંભળ્યા? તેમનો ચહેરો જોયો? ચહેરા પર ગર્વખંડનની વેદના સ્પષ્ટ નજરે પડતી હતી. ચહેરો વગર આંસુએ રડતો હતો. તેમણે કહેવું પડ્યું હતું કે બિહારમાં નીતીશબાબુના નેતૃત્વમાં NDAને વિજય પ્રાપ્ત થયો હતો. બીજાનો યશ આંચકી જનાર મોદીસાહેબને એ માણસને વિજયનો યશ આપવો પડ્યો હતો જે તેમને દીઠ્યો ગમતો નથી. તેમણે તેમના ભાષણમાં આંધ્ર પ્રદેશના તેલગુ દેશમ પાર્ટીના નેતા ચન્દ્રાબાબુ નાયડુને વિજયનો શ્રેય આપવો પડ્યો હતો. આનું કારણ એ છે કે આ બે માણસના હાથમાં ટ્રમ્પકાર્ડ છે. જો ત્રીજી વખત વડા પ્રધાન બનવું હોય તો આ બે જણને રાજી કરવા જરૂરી છે. મને આજે રમેશ પારેખની આલા ખાચર સીરિઝની કવિતાઓની યાદ આવે છે. જેમણે ન વાંચી હોય એ વાંચી જાય.

અભિમાન રાજા રાવણનું પણ ટક્યું નહોતું પણ આ ત્રણ લોકોને એમ લાગતું હતું કે મૃત્યુપર્યંત કોઈ વાળ પણ વાંકો કરી શકે એમ નથી. કોઈ બહુ પ્રભાવ ધરાવે છે? સતાવો અને નાખો જેલમાં. કોઈ નીડરતાપૂર્વક બોલે છે? કરો સંસદમાંથી બહાર. (રાહુલ ગાંધી અને મહુઆ મોઈત્રા) કોઈ પક્ષ રાજકીય શક્તિ ધરાવે છે? કરો તેના પક્ષમાં વિભાજન અને ખરીદો વિધાનસભ્યો અને તોડો સરકાર. અમે કાંઈ પણ કરીએ તમે બોલનાર કોણ? જો બોલ્યા તો ચલાવો બુલડોઝર. ઉત્તર પ્રદેશમાં તો યોગી આદિત્યનાથે બુલડોઝરનો આતંક મચાવ્યો હતો અને તેમના માથાભારે શાસનને નો નોનસેન્સ શાસન તરીકે ઓળખાવીને ગોદી મીડિયા આરતી ઉતારતા હતા. માટે કહેવાનું મન થાય છે કે ઈશ્વરે કંઈક એવી રચના કરી કે બધાને થોડાથોડા જીતાડ્યા, માત્ર આ ત્રણને પસંદ કરીને પરાજિત કર્યા અને તેમને તેમની જગ્યા બતાવી દીધી.

સત્ય, સંયમ, વિવેક, સભ્યતા, સંસ્કાર, નમ્રતા, મર્યાદા, સાદગી જેવા માનવીય ગુણો નબળાઈનાં લક્ષણો નથી, એકંદરે માનવીમાં હોવી જોઈતી માણસાઈનાં લક્ષણ છે. આટલી પાયાની વાત શાખાઓમાં કોઈએ શીખવી નહીં હોય? ના, નથી શીખવવામાં આવતી. શાખાઓમાં શીખવવામાં આવે છે કે સદગુણ એ નબળાઈ છે. એટલે તો એ લોકો ગાંધીજી માટે મજબૂરી કા નામ મહાત્મા ગાંધી કહે છે. જે નિર્બળ હોય, મજબૂર હોય એ માણસાઈ બતાવે. આજે આટલા આટલા પ્રયત્નો પછી પણ 'મજબૂર' ગાંધી મરતો નથી અને માત્ર દસ વરસમાં 'બહાદુરો'ની કહેવાતી બહાદુરીનો પારો ઊતરી ગયો કારણ કે એ બહાદુરી નહોતી,

**નો નોનસેન્સ**
રમેશ ઓઝા

નાગાઈ હતી. માણસાઈનો અભાવ હતો. અમાનવીયતા હતી. બહાદુર હોત તો ચીનનો ચ ઉચાર્યો હોત. ખુલ્લી પત્રકાર પરિષદમાં પ્રેસનો સામનો કર્યો હોત.

આજે દરેકના મનમાં એક સવાલ છે કે પહેલી અને બીજી મુદતમાં આપણે જે નરેન્દ્ર મોદીને જોયા છે એ ત્રીજી મુદતમાં કેવી રીતે નિભાવશે? બહુમતી નથી એટલે બીજાઓને પૂછવું પડશે, સાંભળવું પડશે, મર્યાદામાં રહેવું પડશે, મર્યાદા પાળવી પડશે, બોલવામાં સંયમ જાળવવો પડશે, આગળ શું બોલ્યા હતા એનું ધ્યાન રાખવું પડશે, રાતોરાત નોટબંધી અને લોકડાઉન જેવા નિર્ણયો નહીં લઈ શકાય, 'મોદી મોદી' ની આરતી ઉતારીને નશો કરાવનારાઓ એકએક કરીને ભાગી જશે, ટ્રોલિંગ નહીં કરાવી શકાય, ભાઈબંધ ઉદ્યોગપતિઓની મદદ નહીં કરી શકાય, પ્રજાના પૈસે મોટા તાયફાઓ નહીં યોજી શકાય. ગુમાન ધરાશાયી થઈ ગયું છે અને ત્યારે દરેક જણ રોજેરોજ ચોવીસે કલાક એ 'સુવર્ણ દિવસો'અને અત્યારના 'માઠા દિવસો'ની યાદ અપાવતા રહેશે. મનમાં થાય છે કે આનાથી વધારે મોટી સજા બીજી કઈ હોઈ શકે! શું પરિણામ આવ્યાં છે! નાસ્તિકને પણ ઈશ્વરમાં માનવાનું મન થઈ આવે!

તો દરેકના મનમાં એક સવાલ છે કે પહેલી અને બીજી મુદતમાં આપણે જે નરેન્દ્ર મોદીને જોયા છે એ ત્રીજી મુદતમાં કેવી રીતે નિભાવશે? એવી તે કેવી સત્તાની લાલચ કે ભલે નીચી મુંડી કરવી પડે, ભલે સિંહમાંથી શિયાળ બનવું પડે પણ વડા પ્રધાન તો બનવું જ છે. સત્તાની લાલચ તો છે જ. ઐશ્વર્ય માટે એ માણસ ઝૂરે છે. જવાહરલાલ નેહરુ તેમને બહુ સતાવે છે. નેહરુ ત્રણ મુદત માટે વડા પ્રધાન બન્યા હતા એટલે મોદીસાહેબ પણ ત્રણ વખત વડા પ્રધાન બનીને તેમની પંક્તિમાં બેસવા માગે છે. તેઓ એક વાત ભૂલી જાય છે કે 1962માં નેહરુના નેતૃત્વમાં કોંગ્રેસનો પરાજય નહોતો થયો. હા, બેઠકો ઘટી હતી. કોંગ્રેસને લોકસભાની એ સમયની કુલ 508 બેઠકોમાંથી 361 બેઠકો મળી હતી. ક્યાં 508માંથી 361 અને ક્યાં 543માંથી 240! બીજું, કદાચ તેમને એમ લાગતું હશે કે સત્તા નામનું કવચ જતું રહેશે તો કદાચ દુશ્મનો સતાવશે. દરેક પાસે કારણ પણ છે કારણ કે દરેકને સતાવવામાં આવ્યા છે. આ સિવાય રાફેલ, ઈલેક્ટરોલ બોન્ડ્સ, વેક્સીન જેવાં પ્રકરણો પણ છે અને ત્રીજું કારણ માનસિક છે. નરેન્દ્ર મોદી અને એક સામાન્ય માણસ! લોકસભમાં સામેની બાજુએ બેસે! વળી એ કોઈ ડૉ. મનમોહન સિંહ તો છે નહીં કે સત્તા સિવાય પણ જીવવા માટે બીજાં કારણો હોય અને કરવા માટે બીજી પ્રવૃત્તિ હોય. માટે ભલે સિંહમાંથી શિયાળ થવું પડે પણ સત્તા તો જોઈએ. ઘણાં વર્ષો પહેલાં ચક્રવર્તી રાજગોપાલાચારીએ મુંબઈમાં સંસ્કાર અથવા સંસ્કૃતિ વિષે ત્રણ વ્યાખ્યાન આપ્યાં હતાં. ત્રીજા દિવસે એ ત્રણ દિવસના વ્યાખ્યાનનો નિચોડ તેમણે માત્ર એક વાક્યમાં આપ્યો હતો. શું કહ્યું હતું તેમણે માત્ર એક વાક્યમાં? Culture is concern for others. જે પોતા સિવાય બીજાનો પણ વિચાર કરે, બીજાની પણ ચિંતા કરે એ સંસ્કાર.

**આજે દરેકના મનમાં એક સવાલ છે કે પહેલી અને બીજી મુદતમાં આપણે જે નરેન્દ્ર મોદીને જોયા છે એ ત્રીજી મુદતમાં કેવી રીતે નિભાવશે? બહુમતી નથી એટલે બીજાઓને પૂછવું પડશે, સાંભળવું પડશે, મર્યાદામાં રહેવું પડશે, મર્યાદા પાળવી પડશે, બોલવામાં સંયમ જાળવવો પડશે, આગળ શું બોલ્યા હતા એનું ધ્યાન રાખવું પડશે**

## સિલી પોઈંટ

